આકાશવાણી-ભુજ

સમાચાર વાચક:- આશુતોષ અંતાણી

કોમ્પ્યુટર રાઈઝ- દેવાભાઈ કે રબારી

તારખ: ૨૦-૦૭-૨૦૨૪ સમય:-સવારે ૬.૫૦ કલાકે

## માઈક્રોસોફ્ટ વૈશ્વિક આઉટેજ

વૈશ્વિક આઉટેજ અંગે સરકાર માઇક્રોસોફ્ટ અને તેના સહયોગીઓ સાથે સંપર્કમાં છે. કેન્દ્રીય IT મંત્રી અશ્વિની વૈષ્ણવે સોશિયલ મીડિયા પોસ્ટમાં જણાવ્યું હતું કે આ આઉટેજનું કારણ ઓળખવામાં આવ્યું છે અને સમસ્યાના ઉકેલ માટે અપડેટ્સ બહાર પાડવામાં આવ્યા છે. શ્રી વૈષ્ણવે વધુમાં જણાવ્યું કે નેશનલ ઈન્ફોર્મેટિક્સ સેન્ટરના નેટવર્કને કોઈ અસર થઈ નથી.

દરમિયાન, ભારતીય કોમ્પ્યુટર ઇમરજન્સી રિસ્પોન્સ ટીમે માઇક્રોસોફ્ટ વિન્ડોઝ આઉટેજને પગલે એક એડવાઇઝરી જારી કરી છે.

**(NSD)**

---------------------------------------------------------------------------

## મુખ્યમંત્રી-સેમિકન્ડક્ટર કોન્ફરન્સ

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગરના મહાત્મા મંદિર ખાતે 'ગુજરાત સેમિકનેક્ટ પરિષદ'નો પ્રારંભ કરાવ્યો હતો. આ પ્રસંગે ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે, આ પરિષદ રાજ્યને સુદ્રઢ ઇકોસિસ્ટમ સાથેનું સેમિકન્ડક્ટર ઉત્પાદન કેન્દ્ર બનાવવાના લક્ષ્યને સાકાર કરવાની દિશામાં એક મજબૂત પગલું સાબિત થશે..તેમણે વધુમાં કહ્યું કે, આ પરિષદ થકી સેમીકન્ડકટર ક્ષેત્રની વૈશ્વિક કંપનીઓ અને ગુજરાતની સ્થાનિક કંપનીઓ એક મંચ પર આવશે. જેના થકી સ્થાનિક પુરવઠા સાંકળ વધુ મજબૂત બનશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથેની બેઠકમાં તાતા ઇલેક્ટ્રોનિક્સના CEOના રણધીર ઠાકુરે ગુજરાત સરકાર તરફથી ઉત્પાદન સુવિધાઓ શરૂ કરવા માટે મળી

રહેલા સહયોગની પ્રશંસા કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, તાતા દ્વારા શરૂ થનારા પ્લાન્ટમાં પ્રત્યક્ષ અને પરોક્ષ મળીને એક લાખથી વધુ રોજગાર અવસર મળશે.

**(RNU અમદાવાદ)**

---

## રાજ્ય-વરસાદ આગાહી

હવામાન વિભાગે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદને જોતા રેડ અલર્ટ જાહેર કર્યું છે. આજે દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી,વલસાડ,દમણ,દાદરાનગર હવેલીમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી છે. સૌરાષ્ટ્રમાં રાજકોટ,પોરબંદર,જુનાગઢ,અમરેલી,દ્વારકા અને ગીર સોમાનથમાં રેડ એલર્ટ જારી કરાયું છે.

ઉપરાંત દક્ષિણ ગુજરાતના કેટલાક જિલ્લાઓ, મધ્ય ગુજરાતમાં અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ અને વડોદરામાં હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. આ જિલ્લાઓમાં ગાજવીજ સાથે 30થી 40 કિલોમીટર પ્રતિકલાકની ઝડપે પવન ફૂંકાઈ શકે છે.

**(RNU અમદાવાદ)**

---

## કચ્છ-વરસાદ

કચ્છ જીલ્લામાં  ગઈકાલે સાર્વત્રિક વરસાદી માહોલ રહ્યો હતો. જીલ્લાના સાત તાલુકામાં અડધોથી આઠ ઇંચ વરસાદી મહેર થઈ હતી.  સૌથી વધુ નખત્રાણા તાલુકાના મંગવાણામાં  આઠ  અને તાલુકામાં એકથી પાંચ ઈંચ વરસાદ જયારે જીલ્લા મથક ભુજમાં દોઢ, અંજારમાં સવા બે, અબડાસા વિસ્તારમાં એકથી દોઢ, મુંદરામાં દોઢ તો ગાંધીધામમમાં અડધો ઇંચ વરસાદ વરસ્યો હતો. વાગડ અને લખપતને બાદ કરતાં તમામ સ્થળે વરસાદે પોતાની હાજરી પુરાવી હતી. આ વરસાદથી અનેક ગ્રામ્ય તળાવ છલકાયા હતા, દરમ્યાન હવામાન

વિભાગે જીલ્લામાં હજુ પણ ત્રણ દિવસ મધ્યમથી ભારે વરસાદની આગાહી કરી છે.

**(NP/આશુતોષ અંતાણી)**

---------------------------------------------------------------------------

## રાજય સરકાર-ચાંદીપુરા માર્ગદર્શિકા

એનકેફેલાઇટીસ એટલે કે ચાંદીપુરા વાઇરસને લઈને રાજ્ય સરકારે માર્ગદર્શિકા જાહેર કરી છે. જેમાં સામાન્ય નાગિરકોને આ રોગના લક્ષણો, સારવાર અને બચાવ વિશેની માહિતી આપવામાં આવી છે. માર્ગદર્શિકામાં કહેવાયું છે કે RNA એક વાયરસ છે, જેના સંક્રમણથી મગજનો તાવ આવે છે. આ વાઇરસ નવજાત શીશુથી માંડીને ૧૪ વર્ષ સુધીના બાળકોને પ્રભાવિત કરે છે.

ચાંદીપુરા વાઇરસ સામાન્ય રીતે સેન્ડફ્લાય માખી તેમજ મચ્છરને કારણે ફેલાય છે. જે ભેજવાળા મકાનોમાં પડેલી તિરાડોમાં જોવા મળે છે. માર્ગદર્શિકામાં સ્પષ્ટતા કરાઈ છે કે આ કોઈ ચેપી રોગ નથી. તે એક બાળકમાથી બીજા બાળકમાં પ્રસરતો નથી. રોગપ્રતિકારક શક્તિ ઓછી હોવાને કારણે બાળકોને વાઇરસની અસર થવાની વધુ શક્યતા રહે છે. વાયરલ એન્કેફેલાઇટીસમાં સખત તાવ. ઝાડા ઉલટી, ખેંચ, અર્ધ બેભાન કે બેભાન થવું જેવા લક્ષણો જોવા મળી શકે છે.

રોગથી બચવા માટે બાળકોને ખુલ્લા શરીરે બહાર રમવા ન મોકલવા, જંતુનાશક દવાઓનો છંટકાવ કરવો, મચ્છરદાનીનો ઉપયોગ સહિતના સૂચનો અપવામાં આવ્યા છે.

**(RNU અમદાવાદ)**

---------------------------------------------------------------------------

## રાજયમંત્રી-કૃષિ કોલ્ડ સ્ટોરેજ

રાજયના કૃષિમંત્રી રાઘવજી પટેલે જણાવ્યુ હતું કે રાજ્ય સરકારે બાગાયતી ઉપજોનો બગાડ અટકાવવા તેમજ ખેડૂતોને સારો બજાર ભાવ મળી રહે તે માટે ૫૦ કરોડ રૂપિયાની જોગવાઈ સાથે વધુ એક નવી યોજના અમલમાં મૂકી છે. જે અંતર્ગત બાગાયતી ખેતી કરતા ખેડૂતો પોતાના ઉત્પાદનોનો સારી રીતે સંગ્રહ કરી શકે તે માટે ૧૦ હજાર મેટ્રિક ટન ક્ષમતા સુધીના કોલ્ડ સ્ટોરેજ ઉભા કરવા અંગેની નવી યોજના શરૂ કરવામાં આવી છે.

**(RNU અમદાવાદ)**

---

## ક્રિકેટ-મહિલા એશિયા કપ-ભારત-પાકિસ્તાન

મહિલા એશિયા કપ T20 ક્રિકેટ સ્પર્ધામાં ગઈકાલે શ્રીલંકાના દામ્બુલા ખાતે પ્રથમ દિવસે ભારતે પાકિસ્તાનને 7 વિકેટેથી હરાવ્યું હતું. જીત માટેના 109 રનના લક્ષ્યાંકનો પીછો કરતા ભારતીય મહિલા ટીમે 14.1 ઓવરમાં લક્ષ્યને પાર કરી લીધું હતું.

**(Newsonair)**

---